(viii) P.G.D.C.A.(Post Graduate Diploma in Computer Application) with specialization in (Database and DBA / Mobile Technology / .NET Technology / Web Technology / Java Technology) under the Faculty of Computer Science & Information Technology, if the candidate has passed B.C.A. / B.Sc.(Computer Science) / B.Sc.(I.T.) /B.Sc.(Statistics/Physics/Maths) / B.Com. or B.B.A. (Minimum 45% at Graduation)/ M.Sc.(C.A.)/ M.Sc.(ICT / I.T. / Physics / Maths /Statistics) / M.C.A. / M.Com. / M.B.A./B.E.(Any Stream) from recognized Institution/University. “

(એકેડેમિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,ઉપરોકત બાબતને સ્વીકારી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૯) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત પ્રવર્તમાન સ્ટેચ્યૂટ તથા ઓર્ડીનન્સમાં કરવાના થતા ફેરફારોનો મુસ્દો તૈયાર કરવા તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ના અમલીકરણ અંગે જરૂરી નિર્ણયો/ ભલામણો કરવાકોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા તથા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા અંતર્ગત તમામ અભ્યાસસમિતિની ઓનલાઈન જોઈન્ટ મીટીંગ તા.૧૫/૦૭/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨ થી નીચે મુજબની ડિગ્રી માટે સુધારો સૂચવવામાં આવેલ છે જે અંગે એકેડેમિક કાઉન્સિલમાં વિચારણા કરવા બાબત.

<u>કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા તથા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા અંતર્ગત તમામ અભ્યાસસમિતિની ઓનલાઈન જોઈન્ટ મીટીંગ તા.૧૫/૦૭/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટયૂટ ૨૨૯–૧૧ માં ક્રમાંકઃ ૩ અને ૯ માટે કોમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાની નીચે મુજબ ડિગ્રી માટે સુધારો સુચવવામાં આવે છે.અને નવા દાખલ થયેલા અભ્યાસક્રમની યાદી માં નીચે મુજબ સામેલ કરવા ભલામણ કરવામાં આવે છે.

(અ) ક્રમાંક ૩ માં સુધારા સાથે ડિગ્રીનું નામ Bachelor of Computer Science ને સ્થાને Bachelor of Science (Computer Science) તેમજ તેનું શોર્ટ ફોર્મ B.Sc. (Computer Science) કરવા પ્રસ્તાવિત કરવામાં આવે છે.

(બ) ક્રમાંક : ૯ માં સુધારા સાથે P.G.Diploma in Computer Application ને સ્થાને Post Graduate Diploma in Computer Application તથા તેનું શોર્ટ ફોર્મ PGDCA કરવા પ્રસ્તાવિત કરવામાં આવે છે.

(ક) વધુમાં નવા દાખલ થયેલ અભ્યાસક્રમને યાદીમાં નીચે મુજબ કરવા પ્રસ્તાવિત કરવામાં આવે છે.

Name of Degrees	Short of Degree
(i) Post Graduate Diploma in Computer Application in Database and DBA	PG DCA(Database and DBA)
(ii) Post Graduate Diploma in Computer Application in Mobile Technology	PG DCA (Mobile Technology)
(iii) Post Graduate Diploma in Computer Application in NET Technology	PGDCA (Net Technology)
(iv) Post Graduate Diploma in Computer Application in Web Technology	PGDCA(Web Technology)
(v) Post Graduate Diploma in Computer Application in Java Technology	PGDCA (Java Technology)

(એકેડેમિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને સ્વીકારી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૧૦) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત પ્રવર્તમાન સ્ટેચ્યૂટ તથા ઓર્ડીનન્સમાં કરવાના થતા ફેરફારોનો મુસ્દો તૈયાર કરવા તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ના અમલીકરણ અંગે જરૂરી નિર્ણયો/ ભલામણો કરવાકોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા તથા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા અંતર્ગત તમામ અભ્યાસસમિતિની ઓનલાઈન જોઈન્ટ મીટીંગ તા.૧૫/૦૭/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩ થી NEP-2020 ને અનુલક્ષીને નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે જે અંગે એકેડેમિક કાઉન્સિલમાં વિચારણા કરવા બાબત.

<u>કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા તથા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન વિદ્યાશાખા અંતર્ગત તમામ અભ્યાસસમિતિની ઓનલાઈન જોઈન્ટ મીટીંગ તા.૧૫/૦૭/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 ને અનુલક્ષીને કોમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા દ્વારા વિવિધ અન્ય વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને વૈકલ્પિક વિષયો તરીકે ઓફર કરી શકાય તેવા ત્રણ ક્રેટીડના (Multi disciplinary subjects offered to Students of Other Faculties as an elective subject of 3 credits) નીચે યાદી મુજબ તૈયાર કરી એકેડેમિક કાઉન્સિલને આગળની કાર્યવાહી માટે ભલામણ કરવામાં આવે છે.

[i]	Statistical analysis using Python
[ii]	Statistical analysis using R / SAS
[iii]	Introduction to Database Management
[iv]	Web Designing concepts
[v]	Basics of Artificial Intelligence
[vi]	Fundamentals of Computers and Hardware
[vii]	Office automation tools
[viii]	Concepts of Internet and Cyber Security
[ix]	E-Commerce
[x]	Basics of Block chain management

(એકેડેમિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને સ્વીકારી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૧૧) NCC ને General Elective Credit Course તરીકે દાખલ કરવા અંગે યુ.જી.સી.ના સચિવશ્રીના તા.૧૫/૦૪/૨૦૨૧ ના પત્રક્રમાંક : D.O.No.1-18/2019(CPP-II) તેમજ NSS બાબતે તા. ૨૦/૦૬/૨૦૧૬ ના પરિપત્રનો એકેડેમિક કાઉન્સિલે તેની ૧૨/૦૫/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે સૈધ્ધાંતિક સ્વીકાર કરી તે અંગે કમિટિની નિમણૂંક કરી હતી, જેની સભા તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ મળી હતી, કમિટિનો રિપોર્ટ અને અભ્યાસક્રમ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૦૭/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ અન્વયે સિન્ડિકેટને ભલામણ કરેલ, જે **સિન્ડિકેટે તેની તા. ૧૬/૦૭/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ અન્વયે એકેડેમિક કાઉન્સિલને રીફરબેક કરેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.**

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૦૭/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૦</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કમિટિનો રીપોર્ટ અને અભ્યાસક્રમનો યથાવત્ સ્વીકાર કરી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી ક્રમશઃ અમલમાં આવે તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા. ૧૬/૦૭/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતમાં એન.એસ.એસ. અને એન.સી.સી. બન્ને ફીલ્ડ વર્ક / પ્રેકટીકલ વર્ક મહત્વપૂર્ણ હોય છે જેને આ અભ્યાસક્રમમાં આમે જ કરી સમય સહીતના વર્કલોડ પ્રમાણે માળખું રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને રીફરબેક કરવામાં આવે છે.

નોંધ :– NCC ને General Elective Credit Course તરીકે દાખલ કરવા અંગે રાજયપાલશ્રી ગુજરાતનો તા. ૧૪/૦૭/૨૦૨૧ નો પત્રક્રમાંક : D.O.No.UNI-5021-416-GS-2300 મળેલ છે, જેના અનુસંધાને પણ વિચારણા કરવાની રહે.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,ઉપરોકત અભ્યાસક્રમનો સમાવેશ General Elective કોર્ષમાં કરવાનો રહેશે. અને તે પેપરનું નામ "રાષ્ટ્રીય સેવા, સુરક્ષા અને સમન્વય" ("National Service, Security & Integration") રહેશે. જેનો અભ્યાસ સંસ્થામાં એનરોલ થયેલ કોઈ પણ વિદ્યાર્થી કરી શકશે. NSS કે NCC માં એનરોલ થયેલ વિદ્યાર્થીઓ માટે અલગથી તેમના કાર્ય અનુસાર ક્રેડીટ પ્રાપ્ત કરી શકશે.**

(૧૨) યુનિવર્સિટીમાં ઓન ડિમાન્ડ ઓન એકઝામની પોલીસી અંગેના સેનેટ સભ્યશ્રીના તા.૦૭–૦૭–૨૦૨૧ના પત્ર પર સિન્ડીકેટની તા. ૦૯–૦૭–૨૦૨૧ની બાબત ક્રમાંકઃ૪૭ થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: **"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ઓન ડિમાન્ડ ઓન એકઝામની પોલીસી અંગેના સેનેટ સભ્યશ્રીના તા.૦૭–૦૭–૨૦૨૧ના પત્રનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો. "**

સદર ઠરાવ મુજબ સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ હોય, આ અંગે કયારે, કઈ રીતે ,કયા ધારા ધોરણે, કયા સંજોગોમાં અને કયા સમય પત્રક મુજબ પરીક્ષાઓ લઈ શકાય સદર બાબતે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત આગામી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.**

(૧૩) UGC Guidelines on Examinations and Academic Calendar in view of COVID-19 Pandemic-July,2021 અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/કોમર્સ બ્રાન્ચ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પત્રની નોંધ લઈ ઘટતી કાર્યવાહી કરવી.**

(૧૪) કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિત ઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર પુનઃવિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૫/૦૭/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે કરેલ ભલામણ પર પુનઃવિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૩/૦૬/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિષય માટે કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિત ઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષનું સ્ટ્રકચર જે ૨ ક્રેડિટ(૨૪ કલાક) નું હોવું જરૂરી છે તે માટેનો અભ્યાસક્રમ તેમજ પરીક્ષા પધ્ધતિની પ્રપોઝલ સંબંધિત બોર્ડ ઓફ સ્ટડીઝમાંથી પસાર કરાવી ફેકલ્ટી દ્વારા મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલની મંજૂરીથી લાગુ કરી શકાશે.

આ માટેનો પ્રસ્તાવ કોલેજો પાસેથી પ્રસ્તાવિત ફી સ્ટ્રકચર સાથે મોડામાં મોડો ૩૦ જૂન સુધીમાં પ્રથમ સત્ર ૨૦૨૧–૨૦૨૨ માં શરૂ કરવાના ઉદ્દેશથી યુનિવર્સિટી કાર્યાલયના એકેડેમિક વિભાગમાં જમા કરાવવું. પ્રસ્તાવિત સર્ટીફીકેટ કોર્ષ માટે પ્રોસેસીંગ ફી પેટે (પરીક્ષા, સર્ટીફીકેટ તેમજ ક્રેડીટની બાબત) વિદ્યાર્થી દીઠ કોર્ષ ફીના ૨૦% ચૂકવવાના રહેશે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫/૦૭/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૯</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિષય માટે કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિત ઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષનું સ્ટ્રકચર જે ૨ ક્રેડિટ(૨૪ કલાક) નું હોવું જરૂરી છેતે માટેનોઅભ્યાસક્રમ તેમજ પરીક્ષા પધ્ધતિની પ્રપોઝલ એકેડેમિકવિભાગમાં કોર્ષ શરૂ કરતા પહેલાં જણાવવાની રહેશે. અને આ અભ્યાસક્રમ શીખવનાર વ્યકિતઓનીમાહિતી પણ એકેડેમિકવિભાગમાં જણાવવાની રહેશે.

વધુમાં જે તે કોર્ષ માટેનો અભ્યાસક્રમ, અભ્યાસક્રમની ક્રેડિટ, પરીક્ષા પધ્ધતિ, સમયગાળો, ફી નું માળખું તેમજ તજજ્ઞોની માહિતી કોર્ષ શરૂ કરતાં પહેલાં યુનિવર્સિટીના એકેડેમિક વિભાગને જમા કરવાની રહેશે. એકેડેમિકવિભાગદ્વારા સબંધિત ફેકલ્ટીના ડીનશ્રીની મંજૂરી મેળવી યુનિવર્સિટી દ્વારા મંજૂરી આપવાની રહેશે.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિષય માટે કોલેજો/યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસ્તાવિતઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષનું સ્ટ્રકચર જે <u>૨ ક્રેડિટ(ઓછામાં ઓછા ૩૦ કલાક)</u> નું હોવું જરૂરી છેતે માટેનો અભ્યાસક્રમ તેમજ પરીક્ષા પધ્ધતિની પ્રપોઝલ એકેડેમિકવિભાગમાં કોર્ષ શરૂ કરતા પહેલાં જણાવવાની રહેશે.**

વધુમાં જે તે કોર્ષ માટેનો અભ્યાસક્રમ, અભ્યાસક્રમની ક્રેડિટ, પરીક્ષા પધ્ધતિ, સમયગાળો, ફી નું માળખું તેમજ તજજ્ઞોની માહિતી કોર્ષ શરૂ કરતાં પહેલાં યુનિવર્સિટીના એકેડેમિક વિભાગને જમા કરવાની રહેશે. પ્રસ્તાવિત ઓનલાઈન/ઓફલાઈન સર્ટીફીકેટ કોર્ષની એકેડેમિકવિભાગ દ્વારા સબંધિત ફેકલ્ટીના ડીનશ્રીની મંજૂરી મેળવી યુનિવર્સિટી દ્વારા મંજૂરી આપવાની રહેશે.

(૧૫) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ ની ૨૯ મી જુલાઈ માસથી ચાલુ થતી ઓફલાઈન ટી.વાય.બી.કોમ. (એમ.એ./એમ.કોમ. પાર્ટ–૨) ની એક્ષટર્નલ પરીક્ષાઓ પૈકી એમ.કોમ. પાર્ટ–૨ ની પરીક્ષા આપવા માટે ભાવેશભાઈ રબારીએ ફોર્મ ભરેલ ફોર્મ ઉપર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/એક્ષટર્નલ યુનિટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,પ્રસ્તુત બાબત આગામી એકેડેમિક કાઉન્સિલની સભા સમક્ષ રજૂ કરવી.

(૧૬) એકેડેમિક કાઉન્સિલ તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ ૭૨ નીચે મુજબ છે જેને અનુસંધાને વૈકલ્પીક વિષયોનાઅભ્યાસક્રમ જમા કરવા બાબતે તા.૨૮/૦૬/૨૦૨૧, ક્રમાંકઃએકે/૯૦૧૦/૨૦૨૧ થી હિન્દીવિષયનાં ચેરમેનશ્રી ડૉ.ઉત્તમભાઈ એલ. પટેલને પત્ર લખવામાં આવેલ જેનાં અનુસંધાને અભ્યાસક્રમ મોકલવાનાં બદલે ઈ–મેલથી રજૂઆત કરેલ છે.જે આ સાથે સામેલ છે. જે અંગે એકેડેમિકકાઉન્સિલમાં વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલ તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ૭૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાના કોઈ પણ વિષયમાં અગાઉથી ચાલી આવતા વૈકલ્પિક વિષયોના માળખાને યથાવત્ રાખવું.

વધુમાં બી.એ. પ્રોગ્રામ સેમેસ્ટર–૩, ૪ ,૫ અને ૬ માં હિન્દી મુખ્ય અને ગૌણ વિષયના વૈકલ્પિક વિષયો યથાવત્ રાખવા અને જરૂરી હોય ત્યાં વૈકલ્પિક વિષયોનોઅભ્યાસક્રમ અભ્યાસમિતિ પાસેથી સત્વરે મંગાવી અમલ કરવો.

(એકેડેમિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,એકેડેમિક કાઉન્સિલ તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ ૭૨ થી તેમજ વિનયન વિદ્યાશાખાની તા. ૧૭/૦૭/૨૦૨૧ ની બાબત ક્રમાંક : ૬ અનુસાર વૈકલ્પિક પેપરો ચાલુ રાખવાના હેતુસર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માં જે પેપરો હતા તે વૈકલ્પિક પેપરોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવેલ નવા અભ્યાસક્રમમાં પણ આમેજ કરવા.

(૧૭) કોમર્સ, આર્ટસ્, સાયન્સ, લો અને રૂરલ સ્ટડીઝના ગુજલીસ પાયલોટ પ્રોજેકટ શરૂ કરવા અંગે સેનેટ સભ્યશ્રીના તા. ૧૭/૦૭/૨૦૨૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પત્રમાં દર્શાવેલ બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે. વધુમાં આ નીતિવિષયક બાબત હોય એની પુખ્ત વિચારણા અને અમલીકરણની પ્રક્રિયા માટે એક સમિતિનું ગઠન કરવામાં આવે અને સમિતિની રચના કરવાની સત્તા આદરણીય કુલપતિશ્રીને આપવી.

(૧૮) એકેડેમીક કાઉન્સિલ તા.૧૮–૧૨–૨૦૨૦ ઠરાવ ક્રમાંકઃ૫૭ થી ગ્રેડ પોઈન્ટ, ગ્રેડ લેટર અને SGPAની ગણતરીમાં ઈન્ટરનલ તથા એક્ષર્ટનલ બંને માકર્સ ગણતરીમાં લેવા તથાCGPAની ગણતરીમાં માત્ર છેલ્લા બે સેમેસ્ટર ને બદલે તમામ સેમેસ્ટરોના ઈન્ટરનલ તથા એક્ષર્ટનલ માર્કસ ગણતરીમાં લેવા તેમજ પ્રવર્તમાન પધ્ધતિ મુજબ જ માર્કશીટમાં માર્કસ તથા ગ્રેડ બંને દર્શાવવા સિન્ડિકેટને ભલામણ કરેલ હતી. જેને સિન્ડિકેટે તા.૧૮–૦૫–૨૦૨૧ની બાબત ક્રમાંકઃ૧૭ થી એકેડેમીક કાઉન્સિલના ઠરાવ ને યથાવત સ્વીકાર કરેલ છે.

સદર બાબતે જોCGPAતમામ સેમેસ્ટરના ઈન્ટરનલ તથા એક્ષર્ટનલ બંને માર્કસ પર ગણતરી કરવાની થાય તો અગાઉના સેમેસ્ટરમાં જેSGPAગણતરી કરેલ છે તેમાં ઈન્ટરનલ માર્કસની ગણતરી

કરેલ નથી. ફકત યુનિવર્સિટી એક્ષ્ટર્નલ માર્કસ પર મળેલ છે. તો આવા સંજોગોમાં કયાં વર્ષથી આ સિસ્ટમ લાગુ પાડવી? શું ચાલુ એકેડેમીક વર્ષ ૨૦૨૧–૨૨ થી સિસ્ટમ લાગુ કરી શકાય?

ઉપરોકત બાબતની તા.૧૪–૭–૨૦૨૧ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર, નવા એકેડેમિક વર્ષ (૨૦૨૧–૨૦૨૨) થી ક્રમશઃ પ્રથમ વર્ષથી લાગુ પાડી શકાય, જે પગલાં ની નોંધ લેવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લેવામાં આવે છે.

(૧૯) ડા. સ્નેહલ જોષીના NEP-2020 બાબતે તા.૧૯/૦૭/૨૦૨૧ ના ઈ–મેઈલથી મળેલ નીચેના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવા બાબત.

Considering the aim and objectives of the NEP-2020 vision document, following matters are proposed to include as a part of Veer Narmad South Gujarat statute:

(1) Large multidisciplinary Higher Education Institute campuses having minimum three or more faculty courses offered by one or more than institutes at the same campus and more than 3000 students in total should be considered as Holistic Multidisciplinary HEI campus and should be allowed to design their own curriculum that offer multidisciplinary courses to the students. The examination will be conducted by the University in collaboration with the HEI based on the curriculum and exam patterns set by the HEI. At least one and maximum two such Holistic Multidisciplinary HEI campuses should be established per district.

(2) Every recognized HEI(Higher Education Institute) affiliated with the Veer Narmad South Gujarat University can offer multi-disciplinary / specialized / skill oriented / technical courses of 2 and 3 credits. The HEI shall submit such a proposal to the University and the students can earn additional credits by established examination mechanism. Such credits will be transferred to the student's credit account and reflect in the student's mark sheet.

(3) Establishment of Academic Bank of Credit (ABC) by the University to store and manage enrolled student's credits earned from the University degree course and additional certification courses offered by HEI affiliated with the University with prior approval from the University ; in digital form.

(4) The University shall invite and accept proposals pertaining to curriculum, pedagogy and various certification courses from affiliated HEIs and University recognized teachers. Such courses shall be implemented and offered to the students with appropriate teaching/learning pedagogy and evaluation system.

(5) The University shall invite and accept proposals to establish Multidisciplinary Education and Research Institutions from affiliated HEIs (Higher Education Institutes) having minimum three faculty courses offered at their campus. The University shall establish minimum one such campus with aim to attain the highest standards for Multidisciplinary education.

(6) The University shall invite applications from prominent Industrial experts/ technical experts / prominent scientists/prominent authors /research institutes/ Academic institutions / experts in their fields/scholars from their concerned fields etc. to act as co-supervisor for research work. Such experts/scholars shall act as co-supervisor.

(7) The university shall offer multi-disciplinary research work that may include a maximum of three different existing faculties. The research guides can be from any of the faculty and rest guides can act as co-guides. Such multi-disciplinary research work degree shall be awarded in the one of the faculty out of the faculties in which the work carried out based on the choice of the research scholar.

The University shall invite projects/ consultation works/consultancy from industry/corporate/institutions/ government departments/ research centers etc. through the University' own established setup or through any of the individual recognized teacher in form of proposal.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર પત્રમાં જણાવેલ**

(૧) બાબત ક્રમાંક : ૧ નો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને સરકારશ્રીના માર્ગદર્શન મળ્યેથી આગળની કાર્યવાહી કરવી.

(૨) સદર બાબતનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) સદર બાબતનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) સદર બાબતનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) સદર બાબતનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૬) સદર બાબતની ચર્ચા તા. ૨૬/૦૭/૨૦૨૧ ની એકેડેમિક કાઉન્સિલની સભામાં કરવી.

(૭) સદર બાબતનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૧૯) ડૉ. સ્નેહલ જોષીના તા.૨૦/૦૭/૨૦૨૧ ના ઈ–મેઈલમાં જણાવ્યા મુજબ પાછળના સેમેસ્ટરમાં આવેલ કોઈ એ.ટી.કે.ટી. ને કારણે વિદ્યાર્થીઓ આગળના સેમેસ્ટરમાં પાસ થવા છતાં માર્કશીટ ૧૬૫ નિયમને આધારે આપવામાં આવતી નથી. જયારે વિદ્યાર્થી એ.ટી.કે.ટી પરીક્ષા પાસ કરે ત્યારે ૧૬૫ નિયમને આધારે અટકેલ માર્કશીટ મેળવવા યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીએ અરજી આપવા રૂબરૂ આવવું પડે છે. હવે જયારે ઈ.આર.પી. સિસ્ટમ કાર્યરત છે, ત્યારે અને તેવા સંજોગોમાં તમામ ડેટા અવેલેબલ હોય, આવી અરજી માટે આગ્રહ ન રાખતા મળવાપાત્ર માર્કશીટ સીધી જ જે તે કોલેજ પર મોકલી આપવામાં આવે. **(પરીક્ષા વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે, ઉપરોકત પત્રમાં રજૂ કરેલ બાબતનો સત્વરે અમલ કરવો.**

(૨૦) ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સના વડાશ્રીના તા. ૦૫/૦૭/૨૦૨૧ ના પત્ર બાબતે ડીનશ્રીના તા.૧૫/૦૭/૨૦૨૧ ના અભિપ્રાય અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)
(પરિશિષ્ટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતમાં રાજય સરકારનું માર્ગદર્શન મેળવી આગળની કાર્યવાહી કરવા ભલામણ છે વધુમાં વિભાગ આ અભ્યાસક્રમો સ્વર્નિભર ધોરણે શરૂ કરવા માટે ઘટતી કાર્યવાહી કરવા સિન્ડિકેટને ભલામણ છે.**

(૨૧) તા.૧૩/૦૬/૨૦૨૧નાં રોજ થયેલ કાનૂન વિદ્યાશાખાની ઓનલાઈન સભામાં એલએલ.બીની (૩ વર્ષ) સેમ–૧ થી ૬ અને બી.કોમ.એલએલ.બી(૫ વર્ષ)નાં સેમ–૧ થી ૧૦ની તમામ પરીક્ષાઓ વર્તમાન કોવિડ–૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે ઓનલાઈન (MCQ) આધારિત યોજવા જણાવેલ છે પરંતું એલએલ.બી સેમ–૬ની પરીક્ષા તા.૨૨–૦૭–૨૦૨૧નાં રોજ ઓફલાઈન લેવાનાર છે અને એલએલ.બી સેમ–૬ની પરીક્ષા કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકાઈ ગયેલ છે.તેમજ હોલ ટિકિટ તૈયાર થઈ ગયેલ છે. માટે ૧૪/૦૭/૨૦૨૧ ની યુનિવર્સિટી કાર્યાલય નોંધ પરના આદેશનુસાર કાનૂન વિદ્યાશાખાના પૂર્વ અધર ડીનશ્રીનાં લેખિત અભિપ્રાય નીચે મુજબ છે.

"કાનૂન વિદ્યાશાખાની ઓનલાઈન સભામાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ પ્રમાણે એલએલ.બીની (૩ વર્ષ) સેમ–૧ થી ૬ અને બી.કોમ.એલએલ.બી(૫ વર્ષ)નાં સેમ–૧ થી ૧૦ની તમામ પરીક્ષાઓ MCQ પ્રશ્ન પત્રથી યોજવા માટે ભલામણ કરુ છુ કાનૂન વિદ્યાશાખાના ઠરાવને માન્ય રાખી ઓગષ્ટનાં પ્રથમ વિકમાં પરીક્ષા યોજવા ભલામણ કરુ છું "તેમજ આ અભિપ્રાયને

તા.૧૫/૦૭/૨૦૨૧ના રોજની નોંધ મુજબ મંજુર કરેલ છે તેમજ આ અંગેનો ક્રમાંકઃપરીક્ષા/કાનૂન/૧૨૬૧૬/૨૦૨૧નાં મુજબ પરિપત્ર કરેલ છે જે લીધેલ પગલાની નોંધ લેવા જાણ સારૂ.

(પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

(૨૨) SWYAM /MOOC શરૂ કરવા અંગે સેનેટ સભ્યશ્રીનાં તા. ૧૯/૦૭/૨૦૨૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, SWYAM /MOOC પ્લેટફોર્મ પર ઉપલબ્ધ વિવિધ કોર્ષ પૈકી જે કોર્ષ જનરલ ઈલેકટીવમાં પસંદ થતા હોય તે કોર્ષ સંબંધિત બોર્ડ અને વિદ્યાશાખામાંથી મંજૂરી મળ્યેથી તથા વિદ્યાર્થી દ્વારા કોર્ષ પૂર્ણ કર્યેથી તેની માર્કશીટ ચકાસણી કરી તેની ક્રેડિટ વિદ્યાર્થીને માર્કશીટમાં મળવાપાત્ર થશે. વધુમાં આ સિવાયના SWYAM /MOOC કોર્ષીસ જો વિદ્યાર્થી દ્વારા કરવામાં આવે તેવા કિસ્સામાં વિદ્યાર્થીના એકેડેમિક બેંક ઓફ ક્રેડિટમાં માર્કશીટની ચકાસણી કર્યેથી મળવાપાત્ર ક્રેડિટ જમા કરવામાં આવે.**

(૨૩) ઓગષ્ટ–૨૦૨૧ થી લેવાનાર કાનૂન વિદ્યાશાખા હેઠળની LL.B. Sem-4 & Sem.-6 નાં ઓનલાઈન પરીક્ષાનો કાર્યક્રમ કાનૂન વિદ્યાશાખાના પૂર્વ અધર ધેન ડીનશ્રીએ મોકલેલ છે. જે આ સાથે સામેલ છે, જે જાહેર કરવા મંજૂરી આપેલ હોય જે અંગે લીધેલ પગલાંની નોંધ લેવા જાણ સારૂ.

(પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લેવામાં આવે છે.**

(૨૪) ડૉ. સ્નેહલ જોષીના તા.૨૦/૦૭/૨૦૨૧ ના ઈ–મેઈલમાં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખા અંતર્ગત આવતા ડિપાર્ટમેન્ટ તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા ૨ ક્રેડિટના સોફટસ્કીલ / ટેકનીકલ ઓરીએંટેડ કોર્ષ શરૂ કરી શકાય તે મુજબનો પ્રસ્તાવ છે. વિવિધ સોફટસ્કીલ તેમજ ટેકનીકલ સ્કીલ ઓરિએંટેડ કોર્ષના વિષયોનું લીસ્ટ વખતોવખત કોમ્પ્યુટર વિદ્યાશાખા દ્વારા અપડેટ કરી કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખાના બોર્ડ તથા ફેકલ્ટી દ્વારા અનુમોદીત કરી વિદ્યાર્થીઓને સપ્તધારા / એન.એસ.એસ. / એન.સી.સી. ની અવેજીમાં આપી શકાય તથા જે તે સોફટસ્કીલ ના વિષયોનો અભ્યાસક્રમ તેમજ તેની પરીક્ષાઓ જે તે કોલેજ દ્વારા લેવામાં આવે તે મુજબનો પ્રસ્તાવ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી અર્થે સિન્ડિકેટને ભલામણ છે.**

ક્રમાંક : એ/એ.કા./કા.વા./૧૦૪૮૫/૨૦૨૧
તા.૨૦/૦૭/૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....

બાબત : ૨૦

VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

બાયોસાયન્સ વિભાગ

ક્રમાંક : બાયોસાયન્સીઝ/૩૩૦૭/૨૦૨૧

તા.:૦૫/૦૭/૨૦૨૧

પ્રતિ,
મા. કુલપતિશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત

વિષય:– ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ ખાતે એમ.એસસી બાયોસાયન્સ (બોટની), એમ.એસસી. બાયોસાયન્સ (ઝૂઓલોજી) , એમ.એસસી. બાયોસાયન્સ (માઈક્રોબાયોલોજી) અને યુનિવર્સિટીમાં વિવિધ પી.જી. સેન્ટર ખાતે એમ.એસસી.બાયોસાયન્સ (બોટની), એમ.એસસી. બાયોસાયન્સ (ઝૂઓલોજી), એમ.એસસી. બાયોસાયન્સ (માઈક્રોબાયોલોજી) ના અભ્યાસક્રમ અને ડિગ્રી અંગે .

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ ખાતે એમ.એસસી બાયોસાયન્સ (બોટની), એમ.એસસી. બાયોસાયન્સ (ઝૂઓલોજી) , એમ.એસસી. બાયોસાયન્સ (માઈક્રોબાયોલોજી) નો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જેમાં પ્રથમ બે સેમેસ્ટર કોમન રાખવામાં આવેલ છે. અને ત્રીજા અને ચોથા સેમેસ્ટરનું જુદા–જુદા વિષયો ભણાવવામાં આવે છે. આ ડિગ્રી લેનાર વિદ્યાર્થીઓને સરકારી નોકરીમાં એમ.એસસી. બાયોસાયન્સની ડિગ્રી હોવાથી લાયકાત માટે પ્રશ્ન ઉભા થાય છે. આ ઉપરાંત આપણી યુનિવર્સિટીમાં વિવિધ પી.જી. સેન્ટર ખાતે એમ.એસસી. (બોટની), એમ.એસસી. (ઝૂઓલોજી), એમ.એસસી. (માઈક્રોબાયોલોજી) ના અભ્યાસક્રમો સંપૂર્ણ રીતે જુદા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આમ આ એક યુનિવર્સિટીમાં એક વિષયમાં બે જુદા–જુદા અભ્યાસક્રમો ચાલે છે. જેથી ડિગ્રીના નામકરણમાં પણ કાયમના માટે તકલીફ રહે છે.

ગુજરાત રાજયના અન્ય સ્ટેટ યુનિવર્સિટી જેવી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, હેમચંદ્રચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી અને ભકત કવિ નરસિંહ મેહતા યુનિવર્સિટી જુનાગઢ કેમ્પસ ખાતે ગ્રાન્ટેટ બાયોસાયન્સ / લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ ચાલુ છે. અને તેમા એમ.એસસી. (બોટની), એમ.એસસી. (ઝૂઓલોજી), એમ.એસસી. (માઈક્રોબાયોલોજી)ના અભ્યાસક્રમો પ્રથમ બે સેમેન્ટરમાં કોમન અને ત્રીજા અને ચોથા સેમેસ્ટરમાં વિષય અનુરૂપ જુદા–જુદા રાખવામાં આવેલ છે. આ જ પ્રમાણેના સીલેબસ તેને સંલગ્ન કોલેજોમાં પણ ભણાવવામાં આવે છે.

ઉપરોક્ત પરસ્થિતિ ધ્યાને લેતા રાજયની અન્ય યુનિવર્સિટીની જેમ આપણી યુનિવર્સિટીમાં પણ બાયોસાયન્સ વિષયમાં છ જુદી–જુદી ડિગ્રી આપવાને બદલે પ્રથમ બે વર્ષમાં ઈલેકટીવ પેપર સીવાયના પેપર કોમન રાખી ત્રણેય બોર્ડ દ્વારા સંકલન કરી નીચે દર્શાવેલ વિગત મુજબ અભ્યાસક્રમ બનાવવાની કાર્યવાહી કરવામાં આવે તો વિદ્યાર્થીઓના ઉપયોગી અભ્યાસક્રમની ડિગ્રી આપવામાં સરળતા રહે છે.

(૧) બોટની, ઝૂઓલોજી અને માઈક્રોબાયોલોજી બોર્ડના મેમ્બરની મા.કુલપતિશ્રીના અધ્યક્ષતામાં સંયુકત બોર્ડની મીટીંગ બોલાવવામાં આવે આમ આ સર્વાનુમતે ત્રણેય અભ્યાસક્રમમાં સરખા રહેતા પેપરનો સીલેબસ UGC CSIR NET ના અભ્યાસક્રમ મુજબ બનાવવા માટે ખાસ સમિતિની રચના કરવામાં આવે

(૨) ખાસ સમિતિએ ભલામણ કરેલ સીલેબસ ત્રણેય બોર્ડમાંથી સ્વતંત્ર રીતે પાસ કરવામાં આવે તેમજ ત્રણેય વિષયના પ્રશ્નપત્ર બોર્ડ દ્વારા અલગ–અલગ કાઢવાની વ્યવસ્થા કરવામાં આવે.

(૩) પ્રથમ બે સેમેસ્ટરમાં પણ જરૂર જણાય તો સબ્જેકટ સ્પેશીફીક પેપર / ઈલેકટીવ પેપર દરેક બોર્ડને જુદા રાખવાની વ્યવસ્થા કરવામાં આવે.

(૪) અભ્યાસક્રમ પૂર્ણ થયે વિદ્યાર્થીઓને એમ.એસસી. (બોટની), એમ.એસસી.(ઝૂઓલોજી), એમ.એસસી.(માઈક્રોબાયોલોજી) ની ડિગ્રી આપવામાં આવે.

ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ ગ્રાન્ટેટ ડિપાર્ટમેન્ટ છે. જેમાં સરકાર માન્ય મહેકમ મુજબ હાલામાં આઠ(૮) કાયમી ટીચીંગ ફેકલ્ટી તેમજ UGC SAP, DRS તેમજ DST-FIST સ્પોન્સર અદ્યતન લેબોરેટરીની સુવિધાઓ ઉપલબ્ધ છે. અને ડિપાર્ટમેન્ટ બાયોસાયન્સ ખાતે ચાલતા એમ.એસસી. બાયોસાયન્સ અભ્યાસક્રમ ગ્રાન્ટેટ છે. જયારે સંલગ્ન કોલેજોમાં એમ.એસસી.(બોટની) , એમ.એસસી. (ઝૂઓલોજી), પી.જી સેન્ટરમાં ગ્રાન્ટેટ / હાયર પેમેન્ટમાં ચલાવવામા આવે છે. અને એમ.એસસી.(માઈક્રોબાયોલોજી) સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવે છે. એમ.એસસી.બાયોસાયન્સના ડિગ્રીની સરકારી નોકરીમાં લાયકાતને અંગે પ્રશ્નો વર્ષોથી ઉદ્‌ભવતા હોવાથી વિદ્યાર્થીઓને ગ્રાન્ટેટ કોર્ષની જગ્યાએ હાયર પેમેન્ટ / સેલ્ફ ફાઈનાન્સ કોર્ષમાં જોડાવવાની ફરજ પડે છે. જેથી વિદ્યાર્થીઓને આર્થિક ભારણ રહે છે. અને બાયોસાયન્સ વિભાગમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને લાયકાત માટેનો પ્રશ્નો ઉદ્‌ભવે છે. આથી ઉપર દર્શાવેલ મુજબ આ પ્રશ્નનો વિદ્યાર્થીના હિતમાં ઉકેલ આવે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

આભાર સહ,

લિ,

(એમ.એન. રેડ્ડી)
Head
Department of Biosciences
Veer Narmad South Gujarat University,
Surat-395 007.

પ્રિ.ડૉ. ભાવિન આર. નાયક,
ડીનશ્રી,
વિજ્ઞાન વિદ્યાશાખા,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત. ૦૧-૧૨-૨૦૨૧

પ્રતિ,
ઈ.ચા. કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

વિષય : બાયોસાયન્સ અનુસ્નાતક અભ્યાસક્રમ બાબત
સંદર્ભ : પીજી/પીએચ.ડી./૯૮૩૯/૨૦૨૧ તા.૦૮/૦૬/૨૦૨૧

શ્રીમાન,

સવિનય આપના સંદર્ભ દર્શિત પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે બાયોસાયન્સ વિભાગના વાડાના પત્રમાં જણાવ્યા પ્રમાણે બાયોસાયન્સ(બોટની/ઝૂઓલોજી/માઈક્રો-બાયોલોજી) વિષયો ગ્રાન્ટ ઈનએડ ધોરણે ચાલે છે. આ વિષય બંધ કરી તેઓ M.Sc બોટની, M.Sc ઝૂઓલોજી, M.Sc માઈક્રોબાયોલોજી ગ્રાન્ટ ઈનએડ ધોરણે શરૂ કરવા માંગે છે. તેમના જણાવ્યા પ્રમાણે સરકાર માન્ય મહેકમ મુજબ આઠ(૮) કાયમી ટીચીંગ ફેકલ્ટી છે જે બાયોસાયન્સ(બોટની/ઝૂઓલોજી/માઈક્રોબાયોલોજી) માટે છે. તેમના જણાવ્યા પ્રમાણે બાયોસાયન્સ (બોટની/ઝૂઓલોજી/માઈક્રોબાયોલોજી) બંધ કરી M.Sc બોટની, M.Sc ઝૂઓલોજી, M.Sc માઈક્રોબાયોલોજી ગ્રાન્ટ ઈનએડ ધોરણે શરૂ કરવા માંગતા હોય તે અંગે પ્રથમ સરકાર/UGCની પૂર્વ મંજૂરી મેળવવી જોઈએ એવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે. અલગ અલગ M.Sc બોટની, M.Sc ઝૂઓલોજી અને M.Sc માઈક્રોબાયોલોજી શરૂ કરવામાં આવે તો પ્રથમ વર્ષનો કાર્યભાર ત્રણગણો થાય છે જે માટે ખૂટતો સ્ટાફ અંગે સરકાર મહેકમ આપે કે કેમ એ અંગે પણ સ્પષ્ટતા થવી જોઈએ. એ માટે સરકાર/UGC ની મંજૂરી મેળવવી જરૂરી બને છે.

સંબંધકર્તા વિષયની બોર્ડની સંયુક્ત બેઠક બોલાવતા પહેલા ઉપરોક્ત બાબત માટે સરકાર/UGCની પૂર્વ મંજૂરી મેળવવી જોઈએ એવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે. ત્યારબાદ આગળની કાર્યવાહી કરવી જોઈએ.

આભાર સહ

લિ.
ડીનશ્રી, ૦૧/૧૨/૨૦૨૧
વિજ્ઞાન વિદ્યાશાખા,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.